| કુલ ગુણ | 200 |
|---|---|

**103**

# GUJARATI

(Gujarati Medium)

| કેટેગરી |
|---|
| **A** |

103-GUJARATI

A 10338506

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | **પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ** |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઈ પણ સાહિત્ય ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્ત લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્પાય કેમરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (5) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (7) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (8) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (9) | આ કસોટી પત્રમાં કુલ -200 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘૂંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (10) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. પ્રત્યેક ખોટા ઉત્તર માટે 0.25 ગુણ કપાશે (નેગેટીવ 0.25) જો ઉમેદવાર કોઇ પ્રશ્નનો ઉત્તર આપવા માંગતા ન હોય તો વિકલ્પ E પસંદ કરવાનો રહેશે. વિકલ્પ E માટે નેગેટીવ ગુણ રહેશે નહી. |
| (11) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટે 0.25 નેગેટીવ ગુણ મળશે. |
| (12) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (13) | આ પરીક્ષાનો સમય 180 મિનિટનો છે. |
| (14) | સૌથી યોગ્ય વિકલ્પ જવાબ તરીકે ધ્યાને લેવાશે . |

(1) NEP- 2020 સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. 10+2 માળખાના બદલે 5+3+3+2નું નવુંમાળખું

2. સર્વાંગી અને બહુ વિદ્યાશાળાકીય શિક્ષણ

3. ઓછામાં ઓછા ધો-૫ સુધીનું શિક્ષણ માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષામાં આપવા પર ભાર

4. 360 ડિગ્રી પ્રોગ્રેસ કાર્ડ

ઉક્ત પૈકી કયું વિધાન / વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 3 (B) ફક્ત 1, 2, 4

(C) ફક્ત 1, 2, 3 (D) 1, 2, 3, 4

(2) મહાગુજરાત ચળવળ, 1956 વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. દ્વિભાષી બૃહદ મુંબઈ રાજ્યમાંથી ગુજરાતી ભાષા બોલતા લોકો માટે અલગ ગુજરાત રાજ્ય માટે શરૂ થયેલ આંદોલન

2. 8 મે, 1956 ના દિવસે મહાગુજરાત જનતા પરિષદની રચના કરવામાં આવી.

3. મહાગુજરાત આંદોલનના મુખ્ય નેતા ઇન્દુલાલ યાજ્ઞિક હતા.

4. 1 મે, 1960 ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ.

ઉક્ત વિધાન/વિધાનો પૈકી કયું/ક્યા વિધાન/વિધાનો ખોટા છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 (D) ફક્ત 2

(3) વર્ષ – 2025 માટે ગ્લોબલ ઇનોવેશન ઈન્ડેક્સ (GIL) માં ભારત કયા ક્રમે રહ્યું છે?

(A) 38માં (B) 40માં (C) 42માં (D) 45માં

(4) GST (Goods and Service Tax) સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. ભારતમાં GST નો અમલ 1 જુલાઈ, 2017માં કરવામાં આવ્યો.

2. GST કાઉન્સિલના અધ્યક્ષ નીતિ આયોગના અધ્યક્ષ હોય છે.

3. ભારતમાં GST લાવવા માટે 102 મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો.

4. GST 'એક રાષ્ટ્ર એક કર' સંકલ્પનાં પર આધારિત છે.

ઉક્ત પૈકી કયું/કયા વિધાન/વિધાનો ખોટું/ખોટાં છે?

(A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 3

(5) નીચેની જોડીઓ ધ્યાનમાં લો.

1. પીઠોરા ભીંતચિત્રો – રાઠવા

2. માતાની પછેડી – આભૂષણ કલા

3. રોગન આર્ટ – કચ્છ

4. પિછવાઈ કલા – મધ્યપ્રદેશ

ઉક્ત પૈકી કઈ જોડી/જોડીઓ ખોટી રીતે જોડાયેલ છે?

(A) ફક્ત 1, 4 (B) ફક્ત 2 અને 4 (C) ફક્ત 3 (D) ફક્ત 4

(6) મહાન વૈજ્ઞાનિક સર આઈજેક ન્યૂટનની શોધોના સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. ગુરુત્વાકર્ષણનો નિયમ (Law of Gravitation)

2. કલ્કયુલસ (Calculus)

3. લોલકના નિયમો (Law of Pendulum)

4. પરાવર્તક ટેલિસ્કોપ (Reflecting Telescope)

ઉક્ત પૈકી કયો વિકલ્પ / વિકલ્પો સાચો / સાચાં નથી?

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 2 અને 4 (C) ફક્ત 3 (D) ફક્ત 2, 3 અને 4

(7) હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz) કયા બે જળાશયોને જોડે છે?

(A) ભૂમધ્ય સમુદ્ર અને એટલાન્ટિક મહાસાગર

(B) પર્શિયન ગલ્ફ અને ઓમાનનો ગલ્ફ

(C) લાલ સમુદ્ર અને અરબી સમુદ્ર

(D) બંગાળની ખાડી અને આંદોમાન સમુદ્ર

(8) 'નમો લક્ષ્મી યોજના' સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. ગુજરાત સરકાર, શિ.વિ.ના તા.12/03/2024ના ઠરાવથી મા. અને ઉ.મા. શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે 'નમો લક્ષ્મી યોજના' અમલમાં મુકવામાં આવી છે.

2. આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે નિયામકશ્રી, શાળાઓ છે.

3. નમો લક્ષ્મી યોજના અંતર્ગત ધો-9 થી 12 નો અભ્યાસ પૂર્ણ કર્યેથી પાત્રતા ધરાવનાર દરેક વિદ્યાર્થીઓને રૂ.50,000/- સુધીની સહાય મળવાપાત્ર છે.

4. યોજનાનો લાભ મેળવવા માસિક 80% હાજરી ફરજિયાત છે.

ઉક્ત પૈકી કયું વિધાન/વિધાનો સાચાં છે?

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

(9) ભારતમાં કયા રાજ્યએ વિદ્યાર્થીઓમાં વ્યૂહાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપવા માટે શાળા અને કોલેજના અભ્યાસક્રમમાં શતરંજ (CHESS) દાખલ કરી છે?

(A) ગોવા (B) ગુજરાત (C) તમિલનાડુ (D) કેરાલા

(10) DIKSHA પોર્ટલ સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. DIKSHA નું પુરું નામ 'Digital India for Knowledge Sharing' છે.

2. DIKSHA પોર્ટલનો મુખ્ય હેતુ શિક્ષકો માટે ડિજિટલ પ્લેટફોર્મ પુરું પાડવાનો છે.

3. PM-e-vidya કાર્યક્રમ હેઠળ DIKSHA પ્લેટફોર્મ 'એક રાષ્ટ્ર, એક ડિજિટલ પ્લેટફોર્મ' તરીકે જાહેર કરાયું છે.

4. DIKSHA પોર્ટલનું અધિકૃત સ્લોગન 'Digital India, Developed India' છે.

ઉક્ત પૈકી કયું વિધાન/વિધાનો સાચાં નથી?

(A) ફક્ત 3 અને 4 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1 અને 4

(11) RTE (Right to Education) સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. ભારતીય બંધારણમાં શિક્ષણનો અધિકાર કલમ 21A હેઠળ મૂળભૂત અધિકાર તરીકે સામેલ કરવામાં આવ્યો.

2. RTE એક્ટ 1 એપ્રિલ, 2010 થી અમલમાં આવ્યો.

3. RTEમાં કલમ 21 હેઠળ ખાનગી શાળાઓમાં ધો-1 માં 25% બેઠકો નબળા અને વંચિત વર્ગના બાળકો માટે અનામત રાખવાની જોગવાઈ છે.

4. RTE એક્ટ મુજબ 6 થી 14 વર્ષના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ છે.

ઉક્ત પૈકી કયું/કયા વિધાન/વિધાનો સાચા છે?

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1, 2 અને 4

(12) ગ્રીનહાઉસ અસર સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. ગ્રીન હાઉસ અસરને કારણે પૃથ્વીના તાપમાનમાં વધારો થાય છે.

2. ક્લોરોફ્લોરો કાર્બન ($CFC_S$) ગ્રીનહાઉસ ગેસ નથી.

3. ગ્લોબલ વૉર્મિંગ માટે મુખ્યત્વે ગ્રીનહાઉસ અસર જવાબદાર છે.

4. ગ્રીન હાઉસ વાયુઓ પૃથ્વી પરથી પરાવર્તિત થતા ગામા કિરણોને શોષી લે છે.

ઉક્ત વિધાન/વિધાનો પૈકી કયું વિધાન/વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2, 3 અને 4

(13) નીચેનામાંથી કઈ જોડી સાચી નથી?

(A) વિશ્વ ગુજરાતી ભાષા દિવસ – 14 સપ્ટેમ્બર (B) રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ – 28 ફેબ્રુઆરી

(C) પૃથ્વી દિવસ – 22 એપ્રિલ (D) માનવ અધિકાર દિવસ – 10 ડિસેમ્બર

(14) ગુજરાતમાં સસ્તુ સાહિત્ય પ્રકાશનની સ્થાપના કઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ હતી?

(A) ભિક્ષુ અખંડ આનંદ
(B) રવિશંકર મહારાજ
(C) ઠક્કર બાપા
(D) સ્વામી વિદ્યાનંદજી

(15) ગુજરાત સરકારની મહત્ત્વની એવી 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજના માટે નીચેનામાંથી કઈ બાબત સાચી છે?

(A) બંને યોજનાનો લાભ ધો.9 થી 12 તમામ વિદ્યાર્થીને મળે છે.
(B) 'નમો લક્ષ્મી' યોજનાનો લાભ ધો.9 થી 12 ની માત્ર વિદ્યાર્થીનીને મળે છે. 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજનાનો લાભ ધો.11 અને 12 વિજ્ઞાન પ્રવાહના તમામ વિદ્યાર્થીઓને મળે છે.
(C) બંનેની સહાયની રકમ એકસરખી છે.
(D) બંને યોજનામાં આવક મર્યાદા નથી.

(16) ખંડકાવ્ય "વસંતવિજય" ના લેખક કોણ હતાં?

(A) નર્મદ
(B) બાલશંકર કંથારિયા
(C) કાન્ત
(D) દલપતરામ

(17) ભારતીય સંવિધાનમાં છયાશીમાં સુધારા અધિનિયમ, 2002 ની કઈ કલમથી શિક્ષણનો હકની જોગવાઈ દાખલ કરવામાં આવેલ છે?

(A) કલમ-4
(B) કલમ-21
(C) કલમ-86
(D) કલમ-2

(18) ભારતીય સંવિધાનમાં રાષ્ટ્રપતિને મદદ કરવા અને સલાહ આપવા માટે આ ફરજો કોને સોંપવામાં આવેલ છે?

(A) રાષ્ટ્રપતિનો સ્ટાફ
(B) સંસદ
(C) મંત્રીમંડળ
(D) રાજ્યસભા

(19) ભારતીય સંવિધાનમા આ વ્યાખ્યા કોનાથી સંબંધિત છે?

"ગ્રામ સ્તરે, પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામને લગતી મતદાર યાદીમાં નોંધાયેલી વ્યક્તિઓનું બનેલું મંડળ"

(A) ગ્રામસભા
(B) પંચાયત
(C) પંચાયત વિસ્તાર
(D) ગ્રામ

(20) "શૂન્યમ્" તખલ્લુસ કયા સાહિત્યકાર સાથે સંલગ્ન છે?

(A) જમનાશંકર બૂચ
(B) ધીરૂભાઈ ઠાકર
(C) ત્રિભુવન ભટ્ટ
(D) હસમુખભાઈ પટેલ

(21) વ્યક્તિ પોતાના ઘરથી 8 કિ.મી. પૂર્વ દિશામાં પછી ડાબી બાજુ 6 કિ.મી. જાય છે. છેલ્લે ડાબી બાજુ જઈ 8 કિ.મી. જાય છે. વ્યક્તિ પ્રારંભિક સ્થાનથી કેટલા અંતર પર અને કઈ દિશામાં છે?

(A) 6 કિ.મી. ઉત્તર
(B) 6 કિ.મી. દક્ષિણ
(C) 5 કિ.મી. પૂર્વ
(D) 4 કિ.મી. દક્ષિણ

(22) 17 માર્ચ, 2005ના રોજ બુધવાર હોય તો 12 સપ્ટેમ્બર, 2005ના રોજ કયો વાર હશે?

(A) સોમવાર (B) રવિવાર (C) શુક્રવાર (D) શનિવાર

(23) ગુપ્ત ભાષામાં 'EDITION' ને 389165 લખવામાં આવેલ છે, તો ગુપ્ત ભાષામાં "TIED" ને કઈ રીતે લખવામાં આવશે?

(A) 1586 (B) 1983 (C) 3819 (D) 1839

(24) શબ્દકોષ પ્રમાણે વિકલ્પમાંથી કયો શબ્દ ચોથા સ્થાને હશે?

(A) Sanatorium (B) Sanction

(C) Sanskrit (D) Sanctity

(25) જેમ રાષ્ટ્રપતિ ભવન ભારતમાં હોય છે, ડાઉનીંગ સ્ટ્રીટ યુનાઈટેડ કિંગડમમાં, વ્હાઈટ હાઉસ યુ.એસ.એ. માં હોય છે. તેવી રીતે ક્રેમલીન કયા દેશમાં હોય છે?

(A) રૂસ (B) નોર્વે

(C) જર્મની (D) રૂમાનિયા

(26) ક, ગ, છ, ઠ, ....., બ. (ખાલી જગ્યામાં નીચે પૈકી કયો વર્ણ આવશે?)

(A) દ (B) થ (C) ધ (D) ત

(27) પિતા અને પુત્રની હાલની ઉંમરનો સરવાળો ૩૫ થાય છે. 20 વર્ષ બાદ પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતાં બમણી થાય છે તો પિતાની હાલની ઉંમર કેટલી?

(A) 20 વર્ષ (B) 25 વર્ષ (C) 30 વર્ષ (D) 27 વર્ષ

(28) 10, 29, 66, 127, ? ( પ્રશ્નાર્થના સ્થાને નીચે પૈકી કઈ સંખ્યા આવશે?)

(A) 218 (B) 226 (C) 193 (D) 324

(29) જો ઈશાન ખૂણો દક્ષિણ બને તો અગ્નિ ખૂણો શું બને?

(A) પશ્ચિમ (B) પૂર્વ (C) ઉત્તર (D) દક્ષિણ

(30) **** = 24

**ΔΔ = 22

Δ ⊗⊗⊗ = 14

*Δ ⊗ ? = 23

અહીં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવે?

(A) 6 (B) 7 (C) 8 (D) 9

(31) મુક્ત શિસ્તની હિમાયત કઈ વિચારધારા કરે છે?

(A) વાસ્તવવાદ (B) વ્યવહારવાદ (C) આદર્શવાદ (D) પ્રકૃતિવાદ

(32) કઈ વિચારધારા અનુસાર અધ્યયન – અધ્યાપન પ્રક્રિયામાં પ્રશ્નોત્તરી પધ્ધતિ પર ભાર મુકવામાં આવે છે?

(A) આદર્શવાદ (B) વ્યવહારવાદ (C) વાસ્તવવાદ (D) પ્રકૃતિવાદ

(33) કઈ વિચારધારા અનુસાર મૂલ્યો સાપેક્ષ છે?

(A) વ્યવહારવાદ (B) આદર્શવાદ (C) પ્રકૃતિવાદ (D) અસ્તિત્વવાદ

(34) સંરચનાવાદી અધ્યયનમાં કઈ પ્રક્રિયા સૌથી વધુ મહત્વની છે?

(A) વર્તન-પરિવર્તન (B) અર્થગ્રહણ (C) અર્થસર્જન (D) જ્ઞાનસંક્રમણ

(35) પેન્સિલ બનાવતી કંપનીમાં 480 પેકેટ બનાવતા રમેશને 6 દિવસ અને મનોજને 12 દિવસ લાગે છે, બંને સાથે મળીને 480 પેકેટ બનાવે, તો કેટલા દિવસમાં બનાવી શકે?

(A) 8 દિવસ (B) 4 દિવસ (C) 3 દિવસ (D) $5\frac{1}{2}$ દિવસ

(36) તત્ત્વજ્ઞાની Peters એ આપેલા કેળવણીના માપદંડોમાં નીચેના પૈકી કયા માપદંડનો સમાવેશ થતો નથી?

(A) INPUT – ઉચિત Content નાખવું (B) OUTPUT – પરિણામ

(C) ASSESSMENT - મૂલ્યાંકન (D) PROCESS – પ્રક્રિયા

(37) 'બાલકેન્દ્રિય શિક્ષણ' – કેળવણીની કઈ વિચારધારાની દેણ છે?

(A) આદર્શવાદ (B) પ્રયોજનવાદ/વ્યવહારવાદ

(C) માનવતાવાદ (D) પ્રકૃતિવાદ

(38) વિલિયમ જેમ્સ, જહોન ડ્યૂઈ, ક્લિપેટ્રીક જેવા તત્ત્વચિંતકો કેળવણીની કઈ વિચારધારાને સમર્થન આપે છે?

(A) આદર્શવાદ (B) વ્યવહારવાદ (C) પ્રકૃતિવાદ (D) માનવતાવાદ

(39) પ્રોજેક્ટ પધ્દતિ કેળવણીની કઈ વિચારધારાની અમૂલ્ય ભેટ છે?

(A) આદર્શવાદ (B) પ્રકૃતિવાદ (C) વ્યવહારવાદ (D) માનવતાવાદ

(40) શિક્ષકના વ્યવસાય માટે જરૂરી વિશિષ્ટ શક્તિ કે ક્ષમતાને શું કહેશો?

(A) શિક્ષક અભિયોગ્યતા (B) શિક્ષક અભિરૂચિ

(C) શિક્ષક સજ્જતા (D) શિક્ષક પ્રવિણતા

(41) શિક્ષકના વ્યવસાય પ્રત્યે સંમતિ કે અસંમતિ દર્શાવતા તમારા મનના પ્રતિચારોને શું કહેશો?

(A) માન્યતા (B) મનોવલણ (C) અભિયોગ્યતા (D) અભિરૂચિ

(42) ગિલફર્ડના બુદ્ધિના ત્રિપરિમાણ મોડલ અનુસાર નીચે પૈકી કઈ નીપજ છે?

(A) બોધ (B) વર્તન (C) મૂલ્યાંકન (D) એકમ

(43) વિદ્યાર્થી કઈ કર્યાનો આંતરિક સંતોષ પામવા માટે કોઈ કાર્ય કરે તો તે કયા પ્રકારની પ્રેરણા છે?

(A) હકારાત્મક પ્રેરણા (B) સિધ્ધિ પ્રેરણા

(C) આંતરિક પ્રેરણા (D) બાહ્ય પ્રેરણા

(44) માનસિક વિકાસના પિયાજેના સિંદ્ધાંત અનુસાર બાળક કઈ અવસ્થામાં સમસ્યાઓ ઉકેલતા શીખે છે?

(A) સંવેદન-સ્નાયુલક્ષી અવસ્થા (B) પૂર્વ – પ્રક્રિયાત્મક અવસ્થા

(C) મૂર્ત – પ્રક્રિયાત્મક અવસ્થા (D) ઔપચારિક – પ્રક્રિયાત્મક અવસ્થા

(45) ક્રોધ, ભય, ઈર્ષ્યાનું નિયંત્રણ કયા પ્રકારના વિકાસ સાથે સંકળાયેલ છે?

(A) સાંવેગિક વિકાસ (B) માનસિક વિકાસ (C) શારીરિક વિકાસ (D) ચેષ્ટાવિકાસ

(46) નીચેનામાંથી કયુ લક્ષણ વૃદ્ધિ સાથે બંધબેસતું નથી?

(A) વૃદ્ધિ મર્યાદિત કાળ સાથે જોડાયેલી છે. (B) વૃદ્ધિને અંતે શારીરિક પરિપક્વતા આવે છે.

(C) વૃદ્ધિનું માપન સરળ છે. (D) વૃદ્ધિ એ વિકાસ પર આધારિત છે.

(47) વ્યક્તિત્વનો સ્વ-સિદ્ધાંત કયા મનોવૈજ્ઞાનિકે આપ્યો છે?

(A) ફ્રોઈડ (B) ઓલપોર્ટ (C) એરિક્સન (D) કાર્લ રોજર્સ

(48) નીચેનામાંથી કયુ લક્ષણ મનોવૈજ્ઞાનિક કસોટીનું નથી?

(A) વસ્તુલક્ષીતા (B) તુલનાત્મકતા (C) યથાર્થતા (D) વિશ્વસનીયતા

(49) વિલિયમ સ્ટર્ન એ આપેલ બુદ્ધિ ક્ષમતા માપન માટેનું સૂત્ર કયુ છે?

(A) $\text{બુદ્ધિ લબ્ધિ (IQ)} = \dfrac{\text{માનસિક વય (MA)Mental Age}}{\text{શારીરિક વય (Chronological Age)}} \times 100$

(B) $\text{બુદ્ધિ લબ્ધિ (IQ)} = \dfrac{\text{શારીરિક વય (Chronological Age)}}{\text{માનસિક વય (MA) Mental Age}} \times 100$

(C) $\text{બુદ્ધિ લબ્ધિ (IQ)} = \dfrac{\text{શારીરિક વય (Chronological Age)}}{100} \times \text{માનસિક વય}$

(D) $\text{બુદ્ધિ લબ્ધિ (IQ)} = \dfrac{\text{માનસિક વય (MA) Mental Age}}{100} \times \text{શારીરિક વય}$

(50) કયુ વિધાન મનોવલણ સાથે સુસંગત નથી?

(A) મનોવલણો એ વારસાગત કે આનુવંશિક હોય છે.

(B) મનોવલણો મોટા ભાગે કાયમી હોય છે.

(C) મનોવલણો વ્યક્તિ કે વસ્તુના સંદર્ભમાં જ હોઈ શકે છે.

(D) મનોવલણ વ્યક્તિ તરફથી જૂથ તરફ વિકસે છે.

(51) નીચેનામાંથી ધ્યાનનું આંતરિક ઘટક કયું છે?

(A) તીવ્રતા (B) કદ (C) રસ (D) ગતિ

(52) યોગ્ય રીતે જોડો.

| X | Y |
|---|---|
| 1. વૉટસન | a. સંરચનાવાદ |
| 2. વિલિયમ વુન્ટ | b. વર્તનવાદ |
| 3. વિલિયમ જેમ્સ | c. અભિસંધાનવાદ |
| 4. હલ | d. કાર્યવાદ |

(A) 1-b, 2-a, 3-d, 4-c (B) 1-a, 2-b, 3-c, 4-d

(C) 1-c, 2-d, 3-a, 4-b (D) 1-d, 2-c, 3-b, 4-a

(53) કયુ વિધાન વૃદ્ધિ સંબંધિત છે?

(A) તેને વારસો અને વાતાવરણ બંને અસર કરે છે.

(B) તે સંકુલ પ્રક્રિયા છે.

(C) તેને વર્તન સાથે પરોક્ષ સંબંધ છે.

(D) તે સમગ્ર પરિવર્તન સૂચવે છે.

(54) 80 થી 90 બુદ્ધિ આંક ધરાવનારને કઈ કક્ષામાં મૂકી શકાય?

(A) મૂર્ખ (B) અલ્પબુદ્ધિ

(C) મંદબુદ્ધિ (D) શ્રેષ્ઠ બુદ્ધિ

(55) ચાર રસ્તા પર લાલ રંગની ટ્રાફિક લાઈટ દેખાતા વાહન થોભાવી દેવું – આ શાનું ઉદાહરણ છે?

(A) શાસ્ત્રીય અભિસંધાન (B) કારક અભિસંધાન

(C) નિરભિસંધાન (D) સ્વયંસ્ફુરિત પુનરભિસંધાન

(56) આવૃત્તિ વિતરણને આલેખ દ્વારા દર્શાવવાની કઈ રીત ખોટી છે?

(A) આવૃત્તિ બહુકોણ (B) સંગ્રહિત આવૃત્તિ આલેખ

(C) સંગ્રહિત શતમાન આલેખ (D) આવૃત્તિ લઘુકોણ

(57) સાડીના વેપારીને દુકાનમાં કઈ સાડીનું વેચાણ વધુ છે, તે જાણવા માટે મધ્યવર્તી સ્થિતિમાનના કયા માપનો ઉપયોગ કરવો પડે?

(A) મધ્યસ્થ (B) મધ્યક (C) બહુલક (D) વિસ્તાર

(58) ભૌતિક વિજ્ઞાનમાં આવતા લંબાઈ, વજન, સમય વગેરે માપન માટેનું કઈ માપન પદ્ધતિના ઉદાહરણ છે?

(A) ઓળખ અંક માપ પદ્ધતિ (B) ગુણોત્તર માપ પદ્ધતિ

(C) અંતર અંક માપ પદ્ધતિ (D) ક્રમાંક માપ પદ્ધતિ

(59) પ્રક્રિયાના મૂલ્યાંકનમાં કઈ બાબતના મૂલ્યાંકનનો સમાવેશ થાય છે?

(A) હેતુની પ્રાપ્તિ (B) અધ્યયન પદ્ધતિ – પ્રયુક્તિ

(C) અપેક્ષિત વર્તન - પરિવર્તન (D) સિદ્ધિ

(60) વર્ગ વ્યવહારમાં શિક્ષકની પરોક્ષ અસરમાં નીચેનામાંથી કયું ઘટક સમાવિષ્ટ થતું નથી?

(A) લાગણીનો સ્વીકાર (B) વખાણ - પ્રોત્સાહન

(C) વિચારનો સ્વીકાર (D) સૂચના આપવી

(61) નેડ ફલેન્ડર્સના વર્ગ વ્યવહાર વર્ગીકરણ મૉડલ અનુસાર નીચેના પૈકી કયો ઘટક શિક્ષકની પરોક્ષ અસર નથી?

(A) વખાણ - પ્રોત્સાહન (B) વ્યાખ્યાન - કથન

(C) લાગણીઓનો સ્વીકાર (D) વિચારનો સ્વીકાર

(62) મનોવૈજ્ઞાનિક કસોટીઓ દ્વારા થતું માપન એ કયા પ્રકારનું માપન છે?

(A) નિરપેક્ષ માપન (B) સાપેક્ષ માપન

(C) પ્રત્યક્ષ માપન (D) પરોક્ષ માપન

(63) નીચેના પૈકી કઈ ક્રિયાત્મક સંશોધનની લાક્ષણિકતા નથી?

(A) શાળાકીય વ્યવહારની સુધારણા

(B) પરીણામોની ઓછી વ્યાપકતા

(C) વર્ગખંડની સમસ્યાઓનો ઉકેલ

(D) શિક્ષણની સાંપ્રત સમસ્યાઓનો ઉકેલ

(64) મૂલ્યાંકન પ્રક્રિયાનો સાચો ક્રમ જણાવો.

(A) અનુભવ → અમલીકરણ → મૂલ્યાંકન

(B) શૈક્ષણિક હેતુઓ → અધ્યયન અનુભવો → મૂલ્યાંકન

(C) અધ્યાપન અનુભવો → પ્રતિપોષણ → મૂલ્યાંકન

(D) અધ્યયન અનુભવો → પ્રતિપોષણ → મૂલ્યાંકન

(65) વિદ્યાર્થીઓને વાસ્તવિક જેવા આભાસી અનુભવ આપવા માટેની ટેકનોલોજી કયા નામથી ઓળખાય છે?

(A) બ્લેન્ડેડ લર્નિંગ (B) ઓનલાઇન એજ્યુકેશન

(C) વર્ચ્યુઅલ એજ્યુકેશન (D) વર્ચ્યુઅલ રીયાલીટી

(66) જો PIPE નું અંક કોડિંગ 169165 કરવામાં આવે તો, SWAN નું અંક કોડિંગ કરતા છેલ્લો અંક કયો આવે?

(A) 6 (B) 4 (C) 5 (D) 3

(67) નીચેના સમીકરણમાં જો '+' અને '–' ની અદલાબદલી તેમજ '×' અને '÷' ની અદલાબદલી કરીએ તો '?' ના સ્થાને શું આવે?

$35 + 30 - 3 \times 3 \div 17 = ?$

(A) 24 (B) 22 (C) 20 (D) 23

(68) X એ Y કરતા ઉચો છે. Z એ X કરતા ઉચો છે, પરંતુ T કરતા નીચો છે. W એ X કરતા નીચો છે પણ Y કરતા ઉંચો છે તો ઉપરોક્ત તમામને ઉંચાઈને ધ્યાને રાખીને ચઢતા ક્રમમાં ગોઠવો.

(A) T-Z-X-W-Y (B) Z-X-W-Y-T (C) T-X-Z-W-Y (D) Y-W-X-Z-T

(69) 1. કેટલાક ફૂલ ગુલાબી છે.

2. બધા ગુલાબી ફૂલ સુંદર છે.

ઉપરોક્ત બે વાક્ય પરથી શું નિષ્કર્ષ નિકળે?

(A) બધા ફૂલ સુંદર છે. (B) કેટલાક ફૂલ સુંદર છે.

(C) કોઈ ફૂલ સુંદર નથી. (D) કઈ કહી શકાય નહીં.

(70) 40 છોકરાં એક જ હારમાં ઉભા છે. આ હારમાં વેદાંત જમણેથી 14મા ક્રમે છે, તો ડાબેથી તે કયા ક્રમ પર આવે?

(A) 25 (B) 24 (C) 27 (D) 26

(71) નીચે વિકલ્પોમાં આપેલા શબ્દોમાંથી સામાસિક શબ્દ ન હોય તે ઓળખી બતાવો.

(A) પોસ્ટ ઑફિસ (B) પોસ્ટકાર્ડ (C) રાત-દિવસ (D) અનુપમ

(72) બે ફાંટ પતીરા રિયા – મતીરા શબ્દનો અર્થ જણાવો.

(A) કાકડી

(B) ચીભડા

(C) કારેલાં

(D) કંકોડા

(73) કાર ખોટકાઈ પડે તો એનો માલિક થોડો શરમાય છે.

વાક્યમાં થોડો શબ્દ નીચે પૈકી શું છે?

(A) પ્રમાણસૂચક ક્રિયા વિશેષણ

(B) માત્રાસૂચક વિશેષણ

(C) સમયવાચક ક્રિયા વિશેષણ

(D) પ્રમાણસૂચક ક્રિયા વિશેષણ

(74) રોગના મૂળમાં સમજણ સાથેના છૂટાછેડા રહેલા છે – વાક્યનો ભાવાર્થ દર્શાવતું વાક્ય નીચેના વિકલ્પમાંથી શોધો.

(A) ડૉક્ટર રોગની જાળવણી માટે છે કે આરોગ્યની?

(B) રોગ થાય તે માટે સુખી લોકો સ્થૂળ સાધના કરે છે.

(C) પોતાના શરીરને ન સમજે તે વળી બીજાને શું સમજે?

(D) તંદુરસ્ત સમાજ એટલે હોસ્પિટલ, અનાથ આશ્રમ, વૃદ્ધાશ્રમની વૃદ્ધિ.

(75) સમાન અર્થ ધરાવતા શબ્દની જોડી નીચેના વિકલ્પોમાંથી ઓળખી બતાવો.

(A) આદિમ – પ્રારંભ, અંત

(B) છાંક – નશો, કેફ

(C) ઓથ – સહારો, સાયુજ્ય

(D) ગિરા – મીઠાંશ, કર્કસતા

(76) વિરામ ચિહ્ન નક્કી કરો.

- વાચન સમજ માટે વપરાય છે.

- કોઈના કથનને દર્શાવતા પહેલા મૂકાય છે.

- સંબોધનના પદ પછી મૂકાય છે.

(A) પૂર્ણવિરામ

(B) અર્ધવિરામ

(C) અલ્પવિરામ

(D) ગુરુવિરામ

(77) અર્થની સ્પષ્ટતા કરવા માટે વપરાય છે.

(A) નાનો કૌંસ

(B) મોટો કૌંસ

(C) છગડિયો કૌંસ

(D) બેવડું અવતરણ

(78) સાચી જોડણી ઓળખો.

(A) કીર્તિ
(B) કિર્તિ
(C) કીર્તી
(D) કિર્તી

(79) કવિ – લેખકના તખલ્લુસની યોગ્ય જોડ બનાવો.

| A | B |
|---|---|
| 1. ગૌરીશંકર જોષી | A. બેફામ |
| 2. મણિશંકર ભટ્ટ | B. વાસુકી |
| 3. બરકર વિરાણી | C. ધૂમકેતુ |
| 4. ઉમાશંકર જોષી | D. કાન્ત |

(A) 1-B, 2-D, 3-A, 4-C
(B) 1-C, 2-D, 3-B, 4-A
(C) 1-C, 2-B, 3-A, 4-D
(D) 1-C, 2-D, 3-A, 4-B

(80) જરઠ – નો સમાનાર્થી શબ્દ શોધો.

(A) પિતા
(B) જઠર
(C) યુવાન
(D) વૃદ્ધ

(81) પૂર્વા, મને તારું સરનામું લખાવ તો ! વાક્યમાં નિપાત શોધો.

(A) તો
(B) મને
(C) તારું
(D) લખાવ

(82) ચોઘડિયું – સમાસ ઓળખાવો.

(A) દ્વંદ્વ
(B) દ્વિગુ
(C) તત્પુરૂષ
(D) મધ્યમપદલોપી

(83) અલંકાર ઓળખાવો – "રવિને પોતાનો તડકો ન ગમે તો ક્યાં જાય ?"

(A) વ્યાજસ્તુતિ
(B) અનન્વય
(C) વ્યતિરેક
(D) શ્લેષ

(84) વિભક્તિનો પ્રકાર જણાવો. તે રાજકોટ સુધી અમારી સાથે હતા.

(A) દ્વિતીયા
(B) તૃતીયા
(C) પંચમી
(D) સપ્તમી

(85) શબ્દકોશના ક્રમમાં ગોઠવો. કૌંસ, કૃપા, કાંચન, કાગળ

(A) કાગળ, કાંચન, કૌંસ, કૃપા
(B) કાગળ, કાંચન, કૃપા, કૌંસ
(C) કાગળ, કૃપા, કાંચન, કૌંસ
(D) કાગળ, કૌંસ, કાંચન, કૃપા

(86) Quinine tastes bitter. Find the correct passive sentence.

(A) Quinine is bitter when it is tasted.
(B) Quinine is bitter tasted.
(C) The taste of quinine is bitter.
(D) Quinine is tasted bitter.

(87) When he was working with full concentration, _______ angle appeared and commented. (Put proper article)

(A) a
(B) an
(C) the
(D) none

(88) You must _____ God, the greatest. (put proper phrase)

(A) trust on
(B) trust to
(C) trust in
(D) trust

(89) For 25 years, the residents of Taj Nagar Village near Gurgaon lobbied _____ a railway station in their village.

(A) to
(B) for
(C) towards
(D) on

(90) Few people turned up for the show, _____? (Select proper Question Tag)

(A) did they
(B) didn't they
(C) aren't they
(D) won't they

(91) Which is not the sub skill of Listening Skills?

(A) Global understanding
(B) Specific information
(C) Scanning
(D) Infer attitude

(92) Which conjunction is preferable to indicate the reason and result?

(A) Although
(B) Though
(C) So that
(D) Either....nor

(93) Find out the nearest meaning of "haze".

(A) near
(B) for
(C) gaze
(D) gain

(94) "Let's give a party", said Jaya. " let's not", said her husband. Find the correct indirect speech.

(A) Jaya suggested giving a party but her husband answered in the positive.

(B) Jaya suggested giving a party but her husband contradicted her.

(C) Jaya suggested giving a party but her husband was not sure.

(D) Jaya suggested not giving a party but her husband refused.

(95) Find the adjective from the options given below.

1. Black 2. Box 3. School 4. House

(A) box (B) black

(C) school (D) house

(96) Fill in the blank : The manager was impressed _____ his dedication.

(A) at (B) on

(C) with (D) for

(97) Select the synonym of Diligent :

(A) Hardworking (B) Intelligent

(C) Lazy (D) Famous

(98) Choose the correct antonym of : ' Transparent'

(A) Clear (B) Opaque

(C) Fragile (D) Solid

(99) Fill in the blank with correct tense : "By the time we reach the station, the train______."

(A) leaves (B) will leave

(C) will have left (D) left

(100) Select the correct meaning of the idiom : ' To hit the nail on the head'

(A) To hurt someone

(B) To work as a carpenter

(C) To describe exactly what is causing a situation

(D) To make a loud noise

(101) આપેલ વિગતોમાંથી કઈ વિગત અલગ પડે છે ?

(A) નરસિંહ - તળાજા

(B) ગંગાસતી - રાજપરા

(C) ગુણવંત શાહ - રાંદેર

(D) નાથાલાલ દવે - ભુવા

(102) ધોરણ- 10ના પાઠ્યપુસ્તકમાં કઈ કૃતિનો સમાવેશ થયો છે ?

(A) બોળો

(B) મરજીવિયા

(C) સખી માર્કંડી

(D) મારી બા

(103) ધોરણ-10ના પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠ પર કોનો ફોટો આવેલો છે ?

(A) શ્રીમદ્ રાજચંદ્ર

(B) નરસિંહ

(C) ગંગાસતી

(D) જવાહરલાલ નહેરુ

(104) આપેલ શબ્દજોડમાંથી કઈ શબ્દ જોડ જૂદી પડે છે ?

(A) વિભાવરી = રજની

(B) પ્રકૃતિ = નિસર્ગ

(C) ગ્રીવા = ગરદન

(D) નિવૃત્ત = પ્રવૃત્ત

(105) કયુ ઉદાહરણ સ્ત્રગ્ધરા છંદનું ઉદાહરણ છે ?

(A) પ્રિયે તુજ લટે ધરું ધવલ સ્વચ્છ આ મોગરો

(B) ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય

(C) ઈન્દ્રપ્રસ્થ જનો આજે વિચાર કરતા હતા

(D) અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ ?

(106) 'ચોરી અને પ્રાયશ્ચિત' એકમને આધારે યોગ્ય ઘટનાક્રમ આપો.

1. અપરાધભાવમાંથી મુક્તિ

2. ખરાબ આદતને વશ ભૂલ

૩. મહાપ્રેમની પ્રાપ્તિ

4. દોષની કબૂલાત ને પ્રતિજ્ઞા

(A) 4, 3, 2, 1

(B) 4, 1, 3, 2

(C) 2, 4, 1, 3

(D) 2, 4, 3, 1

(107) કયુ પાત્ર રઘુવીર ચૌધરીના એકાંકીનું પાત્ર નથી ?

(A) કનોજ

(B) કાળુ

(C) નરેન

(D) વિરાટ

(108) આપેલ ઘટનાક્રમ કઈ સાહિત્યકૃતિનો છે ?

1. શું ખોળે છે ?

2. આંગળાની બોર જેવી જ છાપ

3. પત્ની કશું જ બોલી નહિ

4. ગાડી ચૂકી જઈશું

(A) ભૂલી ગયા પછી

(B) લોહીની સગાઈ

(C) જન્મોત્સવ

(D) ગતિભંગ

(109) ભાષાશૈલીની દષ્ટિએ આપેલ કૃતિઓ પૈકી કઈ કૃતિ અલગ છે ?

(A) રેસનો ઘોડો

(B) ભૂલી ગયા પછી

(C) હિમાલયમાં એક સાહસ

(D) ભૂખથીય ભૂંડી ભીખ

(110) કર્મણિ વાક્યરચનાનું દષ્ટાંત નીચે પૈકી કયું છે ?

(A) એક જમાનામાં કોઈ માંદુ પડે તો દાક્તરને સજા કરવામાં આવતી.

(B) શિક્ષકે વિદ્યાર્થીઓને પ્રવાસની માહિતી આપી.

(C) મુંબઈની ટ્રેનમાં ભજનમંડળી ધૂમ મચાવે છે.

(D) ટ્રાફિકના કારણે અમે મોડા આવ્યાં.

(111) અક્ષરોની સંખ્યાની દષ્ટિએ કયો છંદ જુદો છે ?

(A) ભુજંગી

(B) વસંતતિલકા

(C) તોટક

(D) દ્રુતવિલંબિત

(112) '<u>રાંધનારો</u> માણસ મોડો આવ્યો' વાક્યમાં રેખાંકિત પદનો ઉપયોગ શેના માટે થયો છે ?

(A) સંજ્ઞા

(B) વિશેષણ

(C) ક્રિયાપદ

(D) કર્તા

(113) કયા નિપાતનો ઉપયોગ પદની પહેલા થાય છે ?

(A) ને, પણ

(B) ખરું, સુદ્ધા

(C) કેવળ, ફક્ત

(D) તો, જ

(114) સ્વરસંધિના નિયમ મુજબ કયું ઉદાહરણ અયોગ્ય છે ?

(A) શિવ + આલય

(B) રજની + ઈશ

(C) દુસ્ + કાળ

(D) લાભ + અલાભ

(115) 'હીરાની પરીક્ષા રે, ઝવેરી હોય તે જાણે' - પદનું સાહિત્યસ્વરૂપ કયું છે ?

(A) ગરબી (B) કાફી (C) પ્રભાતિયું (D) છપ્પા

(116) નહેરુ શા માટે અમરનાથના દર્શન કરી શક્યા નહિ.

1. ખોભણોની સંખ્યા ને વિશાળતાને કારણે

2. મજૂરો ડરીને નાસી ગયા હતા તેના કારણે

3. સાધન-સામગ્રી, ખોરાક-પાણી ખૂટી ગયા હતા તેના કારણે

4. ખેંચાખેંચીમાં બધાના દોરડા તૂટી ગયા તેના કારણે

(A) વિધાન 1, 3 સાચાં છે અને 2, 4 ખોટાં છે.

(B) વિધાન 2, 4 સાચાં છે અને 1, 3 ખોટાં છે.

(C) વિધાન 1, 4 સાચાં છે અને 2, 3 ખોટાં છે.

(D) વિધાન 2, 4 સાચાં છે અને 1, 3 ખોટાં છે.

(117) નિબંધના પ્રકાર અને તેની વિશેષતાઓની યોગ્ય જોડ બનાવો.

| | |
|---|---|
| 1. આત્મકથનાત્મક | અ. સાહિત્ય સંબંધિત લેખન |
| 2. ચિંતનાત્મક | બ. સત્યને સ્વીકારી સારા-નરસાં પાસાની રજૂઆત |
| 3. વર્ણનાત્મક | ક. જીવનની અનેક ઘટનાઓનું વર્ણન |
| 4. સાહિત્યિક | ડ. સ્થળ, ઘટના કે, પરિસ્થિતિનું વર્ણન |

(A) 1-અ, 2-બ, 3-ક, 4-ડ  (B) 1-અ, 2-ડ, 3-બ, 4-અ

(C) 1-ક, 2-બ, 3-અ, 4-ડ  (D) 1-ક, 2-બ, 3-ડ, 4-અ

(118) 'એક બપોરે' કાવ્યમાં સારસી શેનું પ્રતિક છે ?

(A) પ્રકૃતિનું  (B) વિરહનું  (C) જીવનનું  (D) બપોરનું

(119) અનુસ્વારવાળા કયા શબ્દની ગણના લઘુઅક્ષર તરીકે થાય છે ?

(A) સંમતિ  (B) પંકજ  (C) કુંવારું  (D) ગંગા

(120) અંકિત અને સંજયની પાત્રગત લાક્ષણિકતાઓ અલગ તારવો.

| અંકિત | સંજય |
|---|---|
| 1. નાની નોકરી સંતોષી જીવન | અ. વડીલો પ્રત્યે આદરભાવ |
| 2. પરિવારનું સ્થાન પ્રથમ | બ. ઘરકામમાં મદદ માટે તત્પર |
| 3. વડીલો માટે સમયનો અભાવ | ક. મોટી નોકરી, સુખ-સમૃદ્ધિ |
| 4. માત્ર 'સ્વ'ની જ દરકાર | ડ. પારિવારિક ભાવનાનો સદંતર અભાવ |

(A) વિધાન 1, 2, અ અને બ અંકિતની વિશેષતાઓ છે.

(B) વિધાન 1, 2, 3 સંજયને લાગુ પડતા નથી.

(C) વિધાન અ, બ, ક અંકિતને લાગુ પડતા નથી.

(D) વિધાન 3, 4 અને ડ સરખાં જ છે.

(121) જો કોઈ વ્યક્તિ 'પરદુઃખે ઉપકાર કરે, તોય મન અભિમાન ન આણે' તે લક્ષણ ધરાવે છે, તો તેનાથી સમાજમાં સૌથી વધુ સકારાત્મક અસર કઈ થશે ?

(A) તે વ્યક્તિને સમાજમાં મોભાદાર સ્થાને બેસાડવામાં આવશે.

(B) સમાજમાં સત્તા અને સંપત્તિનું મહત્ત્વ ઘટશે અને સાચી સહાનુભૂતિનો વિકાસ થશે.

(C) તે વ્યક્તિ અન્ય લોકો પાસેથી વધુ ઉપકારની અપેક્ષા રાખશે.

(D) અન્ય લોકો તેને નબળો માનીને તેનો લાભ લેવાનો પ્રયત્ન કરશે.

(122) સાહિત્યકાર અને કૃતિનાં જોડકાં ધ્યાને લો.

| સાહિત્યકાર | કૃતિ |
|---|---|
| 1. ચંદ્રકાન્ત પંડ્યા | ચોપડાની ઇન્દ્રજાળ |
| 2. મનુભાઈ પંચોળી 'દર્શક' | સોક્રેટિસ |
| 3. રઘુવીર ચૌધરી | ત્રીજો પુરુષ |
| 4. મકરંદ દવે | માધવ ક્યાંય નથી મધુવનમાં |

ઉપરના પૈકી કયાં જોડકાં સાચાં છે ?

(A) માત્ર 1, 2 અને 3

(B) માત્ર 1, 2 અને 4

(C) માત્ર 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

(123) વિનુકાકા સૌરભને સતત 'રેસના ઘોડા'ની જેમ દોડાવે છે, આ અભિગમ બાળકના માનસ પર કેવો નકારાત્મક પ્રભાવ પાડી શકે છે ?

(A) બાળકને આત્મવિશ્વાસ મળે છે અને સ્પર્ધાત્મક દુનિયા માટે તૈયાર થાય છે.

(B) બાળપણથી જ જવાબદારીઓનો અહેસાસ થાય છે, જે તેને જલદી પરિપક્વ બનાવે છે.

(C) બાળક સખત મહેનત કરવાનું શીખે છે, પરંતુ પ્રેમ અને સ્નેહની લાગણીઓથી વંચિત રહી જાય છે..

(D) બાળક ફક્ત પોતાના પિતાની ઇચ્છા પૂરી કરવા પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે, અન્ય બાબતોમાં રસ ગુમાવે છે.

(124) જે સમાસમાં પૂર્વપદ ઉત્તરપદના વિશેષણ તરીકે કામ કરતું હોય તે સમાસને કયો સમાસ કહે છે ?

(A) બહુવ્રીહિ સમાસ

(B) કર્મધારય સમાસ

(C) ઉપપદ સમાસ

(D) દ્વિગુ સમાસ

(125) પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે વિભક્તિના પ્રત્યયો મૂકી શબ્દને છૂટા પાડતાં કયો સમાસ બનશે ?

(A) દ્વન્દ્વ સમાસ

(B) તત્પુરુષ સમાસ

(C) દ્વિગુ સમાસ

(D) બહુવ્રીહિ સમાસ

(126) નીચેના વિકલ્પોમાં કૃતિની સામે સાહિત્યપ્રકાર આપેલો છે, તેમાંથી સાચો વિકલ્પ શોધો.

(A) માધવને દીઠો છે ક્યાંય ? - ઉર્મિગીત

(B) એક બપોરે - ગઝલ

(C) મરજીવિયા - ભજન

(D) શિકારીને - ગીત

(127) જો કવિએ 'ઓચ્છવ મારે આંગણે' ને બદલે 'ઉત્સવ મારા ઘરમાં' શબ્દ પ્રયોગ કર્યો હોત, તો કાવ્યના કયા પાસા પર સૌથી વધુ અસર પડી હોત ?

(A) કાવ્યનો ભાવ
(B) અર્થમાં કોઈ ફરક ન પડત
(C) કાવ્યનો લય અને તળપદી મીઠાશ
(D) કાવ્યનો વિષય બદલાઈ જાત

(128) નીચે આપેલા વાક્યોનો અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

વાક્ય-1 : ધીમહિ ધૈર્યને રાખડી બાંધે છે.

વાક્ય-2 : ધૈર્ય ધીમહિને ભેટ આપે છે.

(A) બંને વાક્યો કર્તરી રચના છે.

(B) વાક્ય-1 કર્તરિ રચના જ્યારે વાક્ય-2 કર્મણિ રચના છે.

(C) બંને વાક્યો કર્મણિ રચના છે.

(D) વાક્ય-1 કર્મણિ રચના જ્યારે વાક્ય-2 કર્તરિ રચના છે.

(129) નીચેનામાંથી કયું વિશેષણ વિકારી નથી ?

(A) ઉઘાડું (B) મોટું (C) બંધ (D) ખુલ્લું

(130) નીચેના શબ્દોમાંથી પર-પ્રત્યય ધરાવતો શબ્દ દર્શાવો.

(A) પરિભાષા (B) અભિશાપ (C) બિનજરૂરી (D) ભૌગોલિક

(131) નીચે (અ), (બ), (ક) વિભાગમાં કૃતિ, કર્તા અને સાહિત્યપ્રકારનું નામ દર્શાવ્યું છે. કયો વિકલ્પ તે વિગતો સાથે સાચો નથી. તે જણાવો.

| | (અ) | (બ) | (ક) |
|---|---|---|---|
| (A) | ચોપડાની ઈન્દ્રજાળ | જોરાવરસિંહ જાદવ | લોકકથા |
| (B) | ભૂલી ગયા પછી | રઘુવીર ચૌધરી | એકાંકી |
| (C) | ગતિભંગ | મોહનલાલ પટેલ | લઘુકથા |
| (D) | વિરલવિભૂતિ | આત્માર્પિત અપૂર્વજી | ચરિત્રનિબંધ |

(132) જો ક્રિયા પૂરી થઈ ગઈ હોય તો પૂર્ણાવસ્થા દર્શાવવા કયો પ્રત્યય વપરાય છે ?

(A) ત (B) વ (C) ય (D) ત્

(133) 'અરુણિમાની કરોડરજ્જૂમાં તિરાડ પડી હતી.' વાક્યનો પ્રકાર જણાવો.

(A) સાદુ વાક્ય
(B) મિશ્ર વાક્ય
(C) સંયુક્ત વાક્ય
(D) સંકુલ વાક્ય

(134) નીચેનામાંથી કઈ ધ્વનિશ્રેણી સાચી છે ?

(A) મુદ્દલ - મ્ + ઊ + દ્ + દ્ + અ + લ્
(B) યોદ્ધા - ય + ઓ + દ્ + ધ્ + આ
(C) અક્ષાંશ - અ + ક્ + ષ્ + આં + શ્
(D) શ્વેત - સ્ + અ + વ્ + એ + ત્

(135) 'શિકારી' કાવ્યમાં ફૂલડાં, પંખીડાં, રૂડાં- શબ્દોના પ્રયોગમાં કયો ભાવ રહેલો છે ?

(A) લાલિત્ય સાથે આત્મીયતાનો (B) પારદર્શિતા સાથે લયનો

(C) ચમત્કૃતિ સાથે ચોટનો (D) ગેયતા સાથે લાઘવનો

(136) 'માધવને દીઠો છે ક્યાંય ?' કાવ્યામાં નીચેનામાંથી કઈ પંક્તિ નથી ?

(A) સરતી આ સાંજનો ઊજાસ (B) ભમરો વાત વહે ગુંજનમાં

(C) શ્યામના તે નામનો મયંક (D) સાચવશું સુંવાળા રંગ

(137) 'અલે એઈ' એવું સંબોધન સાથી ખેડૂતને કરી કવિ શું કરવાનું કહે છે ?

(A) 'ઢોચકીમાં છાશ પાછી રેડી દે' (B) 'બળદને હળે હવે જોતરીશ નઈ'

(C) 'ઠારી દે આ તાપણીમાં ભારવેલો અગ્નિ' (D) 'મને મહુડીની છાંય તળે પડી રહેવા દે'

(138) વરસાદ <u>એકધારો</u> પડતો હતો. - રેખાંકિત શબ્દ કયા પ્રકારનું ક્રિયાવિશેષણ છે ?

(A) ક્રમવાચક (B) પરિમાણવાચક (C) સમયવાચક (D) રીતિવાચક

(139) નીચેનામાંથી સમાસ અને તેનો પ્રકાર દર્શાવતું કયું જોડકું સાચું છે ?

(A) ઋણરાહત - દ્વન્દ્વ સમાસ (B) સ્વર્ગવાસ - મધ્યમપદલોપી સમાસ

(C) પંચવટી - દ્વિગુ સમાસ (D) પત્રચેષ્ટા - તત્પુરુષ સમાસ

(140) નીચેનાં ઉદાહરણોમાંથી 'પ્રાસસાંકળી' અલંકારનો સાચો વિકલ્પ કયો છે ?

(A) ગાયક ન લાયક તું ફોગટ ફુલાણો છે. (B) જાણી લે જગદીશ, શીશ સદ્ગુરુને નામી.

(C) મારે ઉર વસી એ દિવ્ય ઉર્વશી. (D) જેન જશોદા માવલડી, ચરાવે ગોકુળ ગાવલડી.

(141) આપેલ વિકલ્પોમાંથી કયો વિકલ્પ ધ્વનિશ્રેણી મુજબ યોગ્ય છે ?

(A) ય્ + અ + જ્ + મ્ + અ + ચ્ + ઇ + ત્ + ર્ + અ

(B) ય્ + અ + મ્ + જ્ + અ + ઇ + ત્ + ર્ + અ

(C) ય્ + અ + જ્ + અ + ચ્ + ઇ + મ્ + ર્ + અ

(D) ય્ + અ + જ્ + અ + ચ્ + ઇ + ત્ + ર + અ

(142) આપેલ વિગતને આધારે કૃતિ અને સર્જકની યોગ્ય જોડ બનાવો.

| | |
|---|---|
| 1. કાશીમાની કૂતરી | a. સોનેટ |
| 2. કુદરતી | b. ગીત |
| 3. મરજીવિયા | c. એકાકી |
| 4. ગુર્જરીના ગૃહકુંજે | d. વાર્તા |

(A) 1-a, 2-b, 3-c, 4-d (B) 1-c, 2-b, 3-d, 4-a

(C) 1-d, 2-c, 3-a, 4-b (D) 1-b, 2-d, 3-c, 4-a

(143) આપેલ ઘટનાક્રમને યોગ્ય રીતે ગોઠવો.

1. આખરે સોળ વરસ પૂરાં થયાં.

2. માર્કંડી તો મારી નાનપણની સખી છે.

3. પણ એના સ્નેહની ગંભીરતા વધી છે.

4. ભાઈબહેન ઘણે વરસે મળે એટલે એકબીજાને હજાર સવાલ પૂછે.

(A) 2, 4, 1, 3

(B) 2, 1, 3, 4

(C) 3, 4, 1, 2

(D) 1, 4, 3, 2

(144) 'રસ્તો કરી જવાના' ગઝલમાં કવિએ ................ ની વાત કરી છે.

(A) દીપકની જેમ ઠરી જવાની

(B) મુશ્કેલીનો આત્મબળથી સામનો કરવાની

(C) મરજીવાની જેમ મોતી શોધવાની

(D) કેડીના સ્થાને વિશાળ રસ્તો બનાવવાની

(145) રેખાચિત્ર, નિબંધ, ગઝલ, લોકગીત, આખ્યાન - શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવતા ત્રીજા સ્થાને ક્યો શબ્દ આવશે.

(A) લોકગીત

(B) ગઝલ

(C) રેખાચિત્ર

(D) નિબંધ

(146) આપેલ વિગતોમાંથી કઈ વિગત સાચી નથી ?

(A) રમેશ પારેખ = સનનન, ખંડિગ

(B) લાભશંકર ઠાકર = માણસની વાત બાથટબમાં માછલી

(C) પૂજાલાલ = પારિજાત, પ્રભાતગીત

(D) નાનાલાલ દવે = ભૂદાન યજ્ઞ, મુખવાસ

(147) પાત્ર અને લેખકની કઈ જોડ સાચી નથી ?

(A) લાભશંક ઠાકર = કૃપાશંકર

(B) જોરાવરસિંહ જાદવ = સામા પટેલ

(C) ઝવેરચંદ મેઘાણી - ઠાકોર વજેસિંગજી

(D) રતિલાલ બોરીસાગર = રતિલાલ

(148) 'વસુધા' કાવ્યસંગ્રહમાંથી ધો-9ના પાઠ્યપુસ્તકમાં કયા કાવ્યનો સમાવેશ કર્યો છે ?

(A) ગુર્જરીના ગૃહકુંજે

(B) મરજીવિયા

(C) એકલો જાને રે

(D) તેજમલ

(149) આપેલ કૃતિઓમાંથી કઈ કૃતિ અલગ પડે છે ?

(A) સખી માર્કંડી

(B) ગોદ માની ક્યા ?

(C) મારી બા

(D) લોહીની સગાઈ

(150) ડોશીને મહારાજ વજેસંગજીએ ઇનામ શાથી આપ્યું. કારણ કે...

(A) ઓળખાણ વગર આદરમાન આપ્યા તેથી

(B) મીઠો બોળો ખવડાવ્યો હતો તેથી

(C) ડોશીણે માંગણી કરી હતી તેથી

(D) પ્રજા વધારે નીડર અને નિર્ભય બને તેથી

(151) આપેલ વિગતોને યોગ્ય રીતે જોડો.

| (અ) વિભાગ | (બ) વિભાગ |
|---|---|
| 1. પછેડી | અ. હથેડીમા સમાય એટલું |
| 2. છાપકું | બ. ઝૂમખાવાળું કાનનું ઘરેણું |
| 3. અકોટા | ક. ઓઢવાની જાડી ચાદર |
| 4. કૂવાથંભ | ડ. વહાણના સઢનો થાંભલો |

(A) 1-બ, 2-અ, 3-ડ, 4-ક
(B) 1-ક, 2-બ, 3-અ, 4-ડ
(C) 1-ક, 2-અ, 3-બ, 4-ડ
(D) 1-ડ, 2-ક, 3-અ, 4-બ

(152) આપેલ વિધાનોમાંથી કર્મધારાય સમાસનું ઉદાહરણ કયા વિધાનમાં આપ્યું છે ?

(A) પ્રયોગશાળામાં અથાગ પરિશ્રમ દ્વારા તેણે સિદ્ધિ મેળવી.
(B) નરેન વિરાટભાઈના ચરણસ્પર્શ કરવા નીચે નમ્યો.
(C) અથાગ પરિશ્રમને કારણે તેનું વદનકમળ નિસ્તેજ બની ગયું હતું.
(D) હું દાખલ થયો કે તરત નાચગાન બંધ.

(153) સર્જનાત્મક લખાણમાં કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) ચિત્ર પરથી વાર્તા
(B) શબ્દ કે શબ્દો પરથી વાર્તા
(C) મુદ્દા પરથી વાર્તા
(D) કહેવત પરથી વાર્તા

(154) ઉત્ક્રાંતિવાદના પ્રણેતા ચાર્લ્સ ડાર્વિના જીવનની ઘટનાઓને યોગ્ય ક્રમમાં ગોઠવો.

1. ટિકા કરનાર પિતાની ચાહનાના અધિકારી
2. વિરાન ટાપુઓની મુલાકાત
3. નિશાનબાજી ને ઉંદર, કૂતરા પકડવામાં સમય પસાર
4. અંતરના અવાજને પીછાણી અવલોકન કળા વિકસાવી

(A) 3, 4, 2, 1
(B) 3, 2, 1, 4
(C) 3, 1, 4, 2
(D) 1, 4, 3, 2

(155) વિગતો નોંધવામાં થયેલ ક્ષતિ દૂર કરી સાચી રીતે લખો.

| | |
|---|---|
| 1. અંધ વ્યક્તિ | અ. પ્રબળ શ્રદ્ધા |
| 2. રઘુનાથ | બ. સ્ત્રીદાક્ષિણ્યની ઉજ્જ્વળ ભાવના |
| 3. બાળકી | ક. કર્મથી માણસ મહાન ને આદરપાત્ર |
| 4. નાનક સાહેબ | ડ. દેશસેવા અર્થે વિદ્યા |

(A) 1-ડ, 2-બ, 3-અ, 4-ક
(B) 1-બ, 2-ડ, 3-અ, 4-ક
(C) 1-ક, 2-બ, 3-ડ, 4-અ
(D) 1-બ, 2-ડ, 3-ક, 4-અ

(156) 'ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ' એકમમાં લેખકે શેની વાત કરી છે ?

(A) યોગ અને આધ્યાત્મથી સભર ભારતીય સંસ્કૃતિની

(B) ભારતીય સંસ્કૃતિના ઉદ્ભવ અને વિકાસની

(C) સંસ્કૃતિ, પ્રકૃતિ અને વિકૃતિ વચ્ચેના ભેદની

(D) ભારતીય સંસ્કૃતિ પર પાશ્ચાત્ય સંસ્કૃતિની અસરની

(157) 'શિખામણ દીધી : વૃથા જીવન વેડફો કાં ભલા' - કાવ્યપંક્તિ કઈ કવિતાની છે ?

(A) ગોત માતની ક્યા

(B) મરજીવિયા

(C) કામ કરે ઈ જીતે

(D) એકલો જાને રે

(158) પૂજાલાલે દરિયા માટે કાવ્યમાં ક્યા-ક્યા વિશેષણો વાપર્યાં છે ?

(A) અગાધ, અફાટ ને વિકરાલ

(B) શાંત, છીછરો અને નયનરમ્ય

(C) દાનવીર, અફાટ અને સમૃદ્ધ

(D) શાંત, સ્વચ્છ ને છીછરો

(159) કઈ કાવ્યરચના અન્ય કાવ્યથી અલગ છે ?

(A) દીકરી

(B) તેજમલ

(C) પુત્રવધૂનું સ્વાગત

(D) પપ્પા હવે ફોન મૂકું ?

(160) પાત્ર અને ઊક્તિની યોગ્ય જોડ બનાવો.

| | |
|---|---|
| 1. મહારાજ | અ. એને વળી બેજે ખાજ લેવા જાવું પડશે ? |
| 2. કાશીમા | બ. ધરમશાળા બંધાવીશ. |
| 3. ગોપાળબાપા | ક. અમારું ગણતર હવે શું કામમાં આવવાનું ? |
| 4. માંડણ ભગત | ડ. ભેટ ધરવા આવ્યા હશો. |

(A) 1-ડ, 2-ક, 3-બ, 4-અ

(B) 1-અ, 2-ક, 3-ડ, 4-બ

(C) 1-બ, 2-ડ, 3-અ, 4-ક

(D) 1-ડ, 2-બ, 3-ક, 4-અ

(161) નીચેના વાક્યમાં કયું સર્વનામ વપરાયું છે? પેલુ કેટલું સુંદર છે !

(A) અનિશ્ચિત સર્વનામ

(B) દર્શક સર્વનામ

(C) પ્રશ્નવાચક સર્વનામ

(D) પુરુષવાચક સર્વનામ

(162) નીચેનામાંથી કઈ સંજ્ઞા અવિકારી નથી ?

(A) ખેતર (B) રાજા (C) નદી (D) પંખો

(163) 'ક્ષ' કયા જોડાક્ષરોથી બને છે ?

(A) ક + શા + અ્

(B) ક + શ્ + અ

(C) ક્ + સ્ + અ

(D) ક્ + ષ્ + અ

(164) નીચેનામાંથી કઈ ધ્વનિ શ્રેણી ખોટી છે ?

(A) વિદ્વાન - વ્ + ઈ + દ્ + દ + વ્ + અ + ન્ + અ

(B) પદ્ય - પ્ + અ + દ્ + ય્ + અ

(C) યોધ્ધા - ય્ + ઓ + ધ્ + ધ + આ

(D) અધ્યાપક - અ + ધ્ + ય્ + આ + પ્ + અ + ક્ + અ

(165) 'પુત્રવધૂનું સ્વાગત' કાવ્યમાં નીચેની પંક્તિ - 'ઘરની અગાસીનું ખુલ્લું આકાશ'નો ભાવાર્થ કયો છે ?

(A) સ્વચ્છંદીપણુ, તડ અને ફડ

(B) બંધન, ગુલામી અને તિરસ્કાર

(C) ઘર, અગાસી અને ખુલ્લું આકાશ

(D) સન્માન - સ્વતંત્રતા અને સ્વીકાર

(166) ગુજરાતી ભાષામાં આદિકવિનું બિરુદ કોને મળેલ છે ?

(A) પ્રેમાનંદ (B) નરસિંહ મહેતા (C) બકુલ ત્રિપાઠી (D) રમેશ પારેખ

(167) નીચે આપેલ સમાસોમાંથી કયો ઉપપદ સમાસ નથી ?

(A) પાણીકળો (B) તક સાધુ (C) પવનવેગે (D) ધાડ પાડુ

(168) નીચે આપેલ વિધાનનો વાક્યનો પ્રકાર જણાવો.

એક કાળિયું હજુયે પાછું ફર્યું નહોતું.

(A) વિધ્યર્થ (B) વિધ વાક્ય (C) નિષેધ વાક્ય (D) આજ્ઞાર્થ

(169) નીચેનું વાક્ય કોણ બોલે છે અને કોને કહે છે.

બચ્ચાંની ગાળો તો માવતરને ઊલટી મીઠી લાગે.

(A) વજેસંગજી સોંડાને કહે છે. (B) સોંડો ઘોડે સવારને કહે છે.

(C) જેસાભાઈ વજેસંગને કહે છે. (D) પરમાણંદદાસ ગ્રામજનોને કહે છે.

(170) શીદને રુવો છો દાદા શું છે, અમને કહોને રે દળકટક આવ્યું છે દીકરી વહારે કોણ ચડશે રે.

ઉપરોક્ત પંક્તિ કયાં કાવ્યની છે ?

(A) પુત્રવધૂનું સ્વાગત (B) દીકરી

(C) પપ્પા, હવે ફોન મૂકું ? (D) તેજમલ

(171) નીચેની પંક્તિ કયાં અલંકારની છે ?

કોકિલા થઈ કાળી, એ કામિનીનો કંઠ સાંભળી.

(A) વ્યતિરેક અલંકાર (B) રૂપક અલંકાર

(C) અતિશયોક્તિ અલંકાર (D) ઉપમા અલંકાર

(172) આપેલા વાક્યોમાંથી રૂપક અલંકારનું વિધાન કયું છે ?

(A) કમળ થકી કુમળું રે બેની અંગ છે એનું.

(B) લીલી લપાઈ બેઠી જળને તળિયે.

(C) આ સંસારસાગર તરવો સહેલો નથી.

(D) દૂરના ડુંગરો સાદ દઈને બોલાવતા હતા.

(173) થોડામાં ઘણું કહેવાની કળા - નીચે આપેલા પદ્યપ્રકારોમાંથી કયા પદ્યપ્રકારોમાં જોવા મળે છે ?

(A) ગીત (B) ગઝલ (C) દુહા (D) મુક્તક

(174) આપેલ શબ્દના સંધિ વિગ્રહમાંથી ખોટો વિકલ્પ ઓળખી બતાવો.

(A) રૂપાંતર - રૂપ + અંતર (B) સ્વાગત - સુ + આગત

(C) વ્યગ્ર - વિ + અગ્ર (D) અન્વેષણ - અન + એષણ

(175) નીચેનામાંથી કયા વિરુદ્ધાર્થી શબ્દોની જોડ સાચી નથી ?

(A) યજમાન × મહેમાન (B) વ્યષ્ટિ × સમષ્ટિ

(C) ભૂચર × ખેચર (D) સુલભ × દુર્ગમ

(176) ઉતાવળે આંબા ન પાકે - આ કહેવતનો વિરોધી અર્થ સૂચવતી કહેવત કઈ છે ?

(A) ધીરજનાં ફળ મીઠાં (B) શ્વાસ ખાઈને સો ગાઉ જવાય

(C) કલ કરે સો આજ કર (D) ટીપે ટીપે સરોવર ભરાય

(177) 'દિવસો જુદાઈના જાય છે' - આ ગઝલના ગઝલકારનું નામ જણાવો.

(A) અશોક ચાવડા 'બેદિલ' (B) જલનમાતરી

(C) અમૃત ઘાયલ (D) અબ્દુલગની દહીંવાલા

(178) 'કાશ્મીરનો પ્રવાસ નિબંધ' કોણે લખ્યો છે ?

(A) સુન્દરમ્ (B) સ્નેહરશ્મિ (C) કલાપી (D) સ્વૈરવિહારી

(179) જોડણીભેદથી અર્થભેદ ન થતો હોય તેવો વિકલ્પ પસંદ કરો.

(A) જાગૃત - જાગ્રત (B) સુરત - સૂરત (C) વિદુર - વિદૂર (D) અહિ - અહીં

(180) વિરોધી અર્થ સૂચવતી કહેવતો માટે જુદો પડતો વિકલ્પ પસંદ કરો.

(A) નમે તે સૌને ગમે - નીચી બોરડી સૌ ખંખેરે

(B) રામ રાખે તેને કોણ ચાખે ? - અલ્લા યાર તો બેડા પાર

(C) આશા અમર છે - પારકી આશા સદા નિરાશા

(D) હોય જ્ઞાન તો જગમાં માન - સત્તા આગળ સાન નકામી

(181) વિશ્વકોશ સંદર્ભે આપેલા વિધાનની ચકાસણી કરો.

1. જ્ઞાનની વિવિધ શાખા-પ્રશાખાની માહિતી આપે છે.

2. આયુર્વેદ અને વનસ્પતિશાસ્ત્રની માહિતી આપે છે.

3. સંક્ષિપ્ત અને અધિકૃત માહિતી આપે છે.

4. ભાષાશિક્ષણની સંક્ષિપ્ત ને સચોટ માહિતી આપે છે.

(A) માત્ર 2 અને 4 સાચાં છે. (B) માત્ર 1 અને 3 સાચાં છે.

(C) માત્ર 3 અને 4 સાચાં છે. (D) માત્ર 1 અને 2 સાચાં છે.

(182) નીચે આપેલા વાક્યોમાં કયા વાક્યમાં નિપાતનો ઉપયોગ થયો નથી? આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવો.

(A) એણે લેખ લખ્યો ખરો ! (B) અમે તેને કહ્યું પણ તેઓ માન્યા નહીં.

(C) અંદર આવું કે ? (D) તમે સારું જ કર્યું.

(183) કઈ ગદ્યશિક્ષણની પદ્ધતિ છે ?

(A) અર્થબોધ પદ્ધતિ (B) તુલના પદ્ધતિ (C) કથન પદ્ધતિ (D) અનુબંધ પદ્ધતિ

(184) 'પાઠનો આરંભ મૂર્તથી કરવો અને સમાપ્તિ અમૂર્તમાં થવી જોઈએ' - આ વિધાન કોનું છે ?

(A) હર્બટ સ્પેન્સર (B) ડૉ. ક્લિક (C) જે. સી. વૉટસન (D) ડૉ. જે. વેલ્ટન

(185) કથનચર્ચા પદ્ધતિમાં શું કરવામાં આવે છે ?

(A) કોઈ મુદ્દાની વહેંચણી (B) અભ્યાસક્રમની વહેંચણી

(C) પાઠ્યક્રમની વહેંચણી (D) એકમને પેટા વિભાગમાં વહેંચણી

(186) માધ્યમિક સ્તરે ગુજરાતી વ્યાકરણ શીખવવા માટે કઈ પદ્ધતિ સૌથી વધુ વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક ગણાય છે.

(A) સૂત્ર પદ્ધતિ (B) ભાષા સંસર્ગ પદ્ધતિ

(C) આગમન-નિગમન પદ્ધતિ (D) પાઠ્યપુસ્તક પદ્ધતિ

(187) 'વાંચન એ અર્થ મેળવવાની પ્રક્રિયા કરતાં અર્થ તારવવાની પ્રક્રિયા છે' - વાંચનની આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) રોબિન્સન (B) ડેબ્રો (C) થોર્નડાઇક (D) ગુડમેન

(188) શિક્ષકના મનમાં ઉદ્‌ભવતા નીચેના જેવા પાયાના પ્રશ્નો પૈકી કયો પ્રશ્ન એ શિક્ષણની પદ્ધતિનો નિર્દેશ કરે છે ?

(A) શું શીખવવું (B) શા માટે શીખવવું

(C) કઈ રીતે શીખવવું (D) ક્યારે શીખવવું

(189) હર્બટે આપેલા પાઠ આયોજનના પાંચ પગથિયાં પૈકી પ્રથમ પગથિયું કયું છે ?

(A) હેતુકથન (B) વિષય નિરૂપણ (C) પૂર્વ તૈયારી (D) પુનરાવર્તન

(190) પદ્યશિક્ષણની શ્રેષ્ઠ પદ્ધતિ કઈ છે ?

(A) રસાસ્વાદ (B) ભાવાનુવાદ (C) ભાષાંતર પદ્ધતિ (D) ઉદાહરણ પદ્ધતિ

(191) કોઈપણ એક ખ્યાલ રજૂ થાય તે અંગેના વિચારો બે-ત્રણ મિનિટમાં વિદ્યાર્થીઓ નોંધે, જટિલ કોયડાઓ જાતે મગજ કસીને ઉકેલે તે માટે નીચે પૈકી કઈ પ્રયુક્તિ ઉપયોગમાં લઈ શકાય ?

(A) પ્રોજેક્ટ
(B) સ્વઅધ્યયન
(C) પરિસંવાદ
(D) બ્રેઈન સ્ટોર્મ

(192) પેડાગોજી (pedagogy) શું છે ?

(A) શિક્ષણ
(B) માર્ગદર્શન આપવાની પદ્ધતિ
(C) શીખવાની પદ્ધતિ
(D) શીખવવાની પદ્ધતિ

(193) 'દીકરી' કૃતિ ભણાવતી વખતે શિક્ષક તરીકે કયા દૃષ્ટિકોણનું સંતુલન રાખવું અનિવાર્ય છે ?

(A) માત્ર પરંપરાગત મૂલ્યો પર ભાર
(B) માતા-પિતાની જવાબદારીનું વર્ણન
(C) ગૌરવ અને સમાનતાનું સંતુલન
(D) માત્ર સાહિત્યિક તકનીકી પાસાંઓનું સંતુલન

(194) બાળકના ભાષાવિકાસની ક્રમિકતા જણાવો.

| | |
|---|---|
| 1. 3 માસ | અ. શબ્દો બોલી શકે છે. |
| 2. 12 માસ | બ. શબ્દભંડોળ વિકસે છે. |
| 3. 3 વર્ષ | ક. વડીલોને પ્રશ્ન પૂછે છે. |
| 4. 5 વર્ષ | ડ. બડબડાટ કરે છે. |

(A) 1-ક, 2-અ, 3-બ, 4-ડ
(B) 1-ડ, 2-અ, 3-ક, 4-બ
(C) 1-બ, 2-ક, 3-ડ, 4-અ
(D) 1-ડ, 2-બ, 3-ક, 4-અ

(195) શબ્દકોશના સંદર્ભે કયુ વિધાન અયોગ્ય છે ?

(A) એક જ શબ્દના વિવિધ અર્થ જાણી શકાય છે.
(B) અનુસ્વારના ફક્ત નિયમો શીખી શકાય છે.
(C) શબ્દોની સાચી જોડણી શીખી શકાય છે.
(D) અપરિચિત શબ્દોના અર્થ જાણી શકાય છે.

(196) અવતરણ નોંધપોથીમાં શેની નોંધ કરવામાં આવે છે ?

(A) રોજની દિનચર્યાની નોંધ
(B) મહત્ત્વપૂર્ણ ઘટનાઓની નોંધ
(C) વાર્ષિક આયોજનની નોંધ
(D) સુવિચાર, કાવ્યપંક્તિની નોંધ

(197) કયુ વિધાન જૂથચર્ચા પદ્ધતિને અસરકારક બનાવવા રોકે છે ?

1. શિક્ષક દ્વારા યોગ્ય માર્ગદર્શન
2. માનસિક તૈયારીનો અભાવ
3. અયોગ્ય બેઠક વ્યવસ્થા
4. વિષય અનુરૂપ સંદર્ભોની પ્રાપ્તિ

(A) વિધાન 2 અને 3 જવાબદાર છે.
(B) વિધાન 2 અને 4 જવાબદાર છે.
(C) વિધાન 1 અને 4 જવાબદાર છે.
(D) વિધાન 1 અને 2 જવાબદાર છે.

(198) પાઠ આયોજન અને એકમ આયોજન વિગતો ભેગી થઈ ગઈ છે તેથી છૂટી પાડો.

| પાઠ આયોજન | એકમ આયોજન |
|---|---|
| 1. ત્રણથી વધુ તાસનું આયોજન | અ. એક જ તાસનું આયોજન |
| 2. સમગ્ર એકમનું મૂલ્યાંકન | બ. મર્યાદિત શૈ. સાધનો |
| 3. અમર્યાદિત સાધનનો ઉપયોગ | ક. આંશિક મૂલ્યાંકન |
| 4. મર્યાદિત સંદર્ભ સાહિત્ય | ડ. સંદર્ભોની પ્રચૂરતા |

(A) વિધાન 1, 2, 3 અને અ, બ, ક ના સ્થાન બદલાઈ ગયા છે.

(B) વિધાન 1, 2, 4 ના સ્થાન યોગ્ય છે પણ અ, બ, ડ ના સ્થાન બદલાઈ ગયા છે.

(C) વિધાન 4 અને 5 ના સ્થાન યોગ્ય છે પણ બીજાના સ્થાન બદલવાની જરૂર નથી.

(D) દરેક વિધાન વિભાગ મુજબ અયોગ્ય જ છે.

(199) કયુ વિધાન મનોશારીરિક હેતુ આધારિત છે ?

(A) વિદ્યાર્થી પાત્રના મનોભાવો જણાવે છે.

(B) વિદ્યાર્થી નવલિકા વાંચનમાં રસ કેળવે છે.

(C) વિદ્યાર્થી કલાત્મક અક્ષરાંકન કરે છે.

(D) વિદ્યાર્થી કાવ્યપંક્તિમાંથી છંદ, અલંકાર ઓળખાવે છે.

(200) અ વિભાગને બ વિભાગ સાથે યોગ્ય રીતે જોડો.

| (અ) વિભાગ | (બ) વિભાગ |
|---|---|
| 1. સર આર્થર | અ. વાંચન એ તર્કની પ્રક્રિયા છે. |
| 2. બેટ્સ | બ. વાંચન એ જ્ઞાનની દુનિયામાં પ્રવેશ કરાવનાર જાદુઈ દ્વાર છે. |
| 3. થોર્નડાઇક | ક. વાંચન પૂર્ણ માનવીનું સર્જન કરે છે. |
| 4. ફ્રાન્સિસ બકેન | ડ. વાંચન એ ચિંતનશીલ, વિચારશીલ પ્રક્રિયા છે. |

(A) 1-બ, 2-ક, 3-ડ, 4-અ

(B) 1-બ, 2-ડ, 3-અ, 4-ક

(C) 1-ડ, 2-અ, 3-બ, 4-ક

(D) 1-ડ, 2-બ, 3-ક, 4-અ

◆◆◆